શ્રી યશોવિજયજી
જૈન ગ્રંથમાળા
દાદાસાહેબ, ભાવનગર.
ફોન : 0278-2425322
3004845
2522

નૈતિક ક્રાન્તિનું
સૂત્રધાર

# વ્રત - આંદોલન

પ્રવર્તક
આચાર્ય શ્રી તુલસી

પ્રકાશક
ગુજરાત અણુવ્રત સમિતિ
અમદાવાદ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અણુવ્રત આંદોલનમાં મને પ્રથમથી જ વિશ્વાસ રહ્યો છે, અને જ્યારે હું એના બહુમુખી પ્રચારની ચર્ચાઓ ચારે બાજુએથી સાંભળું છું, ત્યારે મને અત્યંત હર્ષ થાય છે. એની સફળતાનો આધાર હું એ માનું છું કે—આચાર્ય શ્રી તુલસીના નેતૃત્વમાં સાડાછસો જીવનદાની સાધુ આ કાર્યમાં લાગ્યા છે. કામ ત્યારે જ થાય છે, જ્યારે ઉત્સાહ અને મનથી કામ કરવાવાળા કાર્યકર્તા તેમાં જોડાય છે. બીજી વાત એ છે કે—સાધુસંતોના ઉપદેશની જ અસર ધર્મપ્રધાન ભારતવર્ષના મનુષ્ય જીવન પર પડે છે.

મને અધિક આનંદ તો એ વાતનો છે કે, આ આંદોલને દેશમાં સાર્વજનિક રૂપ લઈ લીધું છે. હું સમજું છું કે, હવે લોકોના મનમાં એવી ભાવના નથી રહી કે, આ કોઈ સાંપ્રદાયિક આંદોલન છે. આ આંદોલનનું એક સાર્વજનિક સ્વરૂપ જ એના સોનેરી ભવિષ્યનું સૂચક છે.

વ્રત તો સારાં જ છે, પણ વિચારોની શુદ્ધિ અધિક વ્યાપકરૂપ લઈ શકે છે. બુરાઈઓનું ઉન્મૂલન ત્યારે જ થાય છે, જ્યારે સારાએ વાતાવરણમાં નૈતિકતા પ્રત્યે ઉત્સાહ ભરાઈ જાય છે.

—ડૉ. રાજેન્દ્રપ્રસાદ (રાષ્ટ્રપતિ)

આપણે એવા યુગમાં રહીએ છીએ કે, જ્યાં આપણો જીવાત્મા સૂતેલો છે, આત્મબળનો અભાવ છે, અને આપણા પર સુસ્તીનું રાજ્ય છે. આપણા યુવક ઝડપથી ભૌતિકવાદની તરફ ઝૂકી રહ્યાં છે. આવા સમયે આપણા દેશમાં અણુવ્રત આંદોલન જ એક આવું અંદોલન છે છે કે, જે આ કાર્ય કરી રહ્યું છે. આ કામ એવું છે કે, એને બધી બાજુએથી સહકાર મળવો જોઈએ.

—ડૉ. એસ. રાધાકૃષ્ણન્ (ઉપરાષ્ટ્રપતિ)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અણુવ્રત - આંદોલન

પ્રવર્તક

આચાર્ય શ્રી તુલસી

પ્રકાશક

ગુજરાત અણુવ્રત સમિતિ

અમદાવાદ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રકાશક :

ભગવતપ્રસાદ રણછોડદાસ અધ્યક્ષ
ગુજરાત અણુવ્રત સમિતિ
ચોથે માળ, શેઠિયા બીલ્ડીંગ,
તિલક માર્ગ * અમદાવાદ.

સંસ્કરણ : ૩૫૦૦
ઓક્ટોબર ૧૯૬૧
મૂલ્ય ૧૨ ન. પૈ.

મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ — અમદાવાદ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અણુવ્રત આંદોલન એક સર્વ હિતકારી યોજના

જીવનની આધ્યાત્મિક તેમજ નૈતિક સિંચાઈને માટે અણુવ્રત-આંદોલન એક યોજના છે. એનું લક્ષ સામાજિક તેમજ રાજનૈતિક ઉન્નતિથી બહુ જ વધારે વ્યાપક છે. આ આધ્યાત્મિક ઉન્નતિ છે, આધ્યાત્મિક ઉન્નતિ કેવળ ઉચ્ચતમ ઉન્નતિ નથી, પણ સર્વતોમુખી ઉન્નતિ છે. એમાં પોતાનું હિત તેમજ અન્યનું હિત પણ સમાયેલું છે.

—આચાર્ય શ્રી તુલસી

# અણુવ્રતની પરિભાષા

અણુવ્રતનો અર્થ છે કે, પ્રત્યેક વ્રતનું અણુથી માંડીને બધા વ્રતોનું ક્રમવાર વધતું જતું પાલન. દા. ત. કોઈ માણસ કે જે અહિંસા અને અપરિગ્રહમાં વિશ્વાસ રાખે છે, પરંતુ તેના અનુસાર ચાલવાની તાકાત પોતે મેળવી શકતો નથી. આ પદ્ધતિનો આશ્રય લઈને કોઈ વિશેષ હિંસાથી દૂર રહેવા અથવા એક સીમાની બહાર બીજી કોઈ ખાસ પદ્ધતિથી સંગ્રહ નહિ કરવાનો સંકલ્પ કરશે અને ધીમે ધીમે પોતાના લક્ષ તરફ આગળ વધશે. આવા વ્રત અણુવ્રત કહેવાય છે.

—કિશોરલાલ ઘ. મશરૂવાળા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| ૧ | અણુવ્રત આંદોલનનો ઉદ્દેશ્ય અને સાધન | ૧ |
| ૨ | વિચાર અથવા પ્રયોગની ભૂમિ પર અણુવ્રત આંદોલન (મુનિ શ્રી નગરાજજી) | ૨ |
| ૩ | અણુવ્રત આંદોલનના નિયમો | ૮ |
| | (૧) અહિંસા અણુવ્રત | ૮ |
| | (૨) સત્ય અણુવ્રત | ૧૦ |
| | (૩) અચૌર્ય અણુવ્રત | ૧૨ |
| | (૪) બ્રહ્મચર્ય અણુવ્રત | ૧૪ |
| | (૫) અપરિગ્રહ અણુવ્રત | ૧૫ |
| ૪ | શીલ અને ચર્યા | ૧૬ |
| ૫ | આત્મ ઉપાસના | ૧૭ |
| ૬ | પરિશિષ્ટ સં. (૧) વિશિષ્ઠ અણુવ્રતીના નિયમો | ૧૮ |
| | પરિશિષ્ટ સં. (૨) પ્રવેશક અણુવ્રતીના નિયમો | ૧૯ |
| | પરિશિષ્ટ સં. (૩) વર્ગીય અણુવ્રતીના નિયમો | ૨૦ |
| | પરિશિષ્ટ સં. (૪) આત્મ ચિંતન | ૨૪ |
| ૭ | શિક્ષા | ૨૬ |
| ૮ | અણુવ્રત-પ્રાર્થના | ૨૭ |


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat    www.umaragyanbhandar.com

# અણુવ્રત આંદોલનનો ઉદ્દેશ્ય અને સાધન

(૧) અણુવ્રત આંદોલનનો ઉદ્દેશ્ય છે કે...

(ક) જાતિ, વર્ણ, દેશ અને ધર્મનો ભેદભાવ નહિ રાખતા મનુષ્ય માત્રને આત્મસંયમની તરફ પ્રેરિત કરવા.

(ખ) અહિંસા અને વિશ્વશાંતિની ભાવનાનો પ્રચાર કરવો.

(૨) આ ઉદ્દેશ્યની પૂર્તિના સાધન–સ્વરૂપ મનુષ્યને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહના વ્રતી બનાવવા.

(૩) જીવન શુદ્ધિમાં વિશ્વાસ રાખનાર કોઈપણ ધર્મ, મંડળ, જાતિ, વર્ણ તથા રાષ્ટ્રના સ્ત્રી–પુરુષ 'અણુવ્રતી' થઈ શકશે.

(૪) અણુવ્રતોને ગ્રહણ કરનાર વ્યક્તિ 'અણુવ્રતી' કહેવાશે.

(૫) અણુવ્રતી ત્રણ શ્રેણિયોમાં વહેંચાશે...

(ક) શીલ, ચર્યા તેમજ આત્મઉપાસનાના નિયમોને સ્વીકારનાર 'અણુવ્રતી' કહેવાશે.

(ખ) પરિશિષ્ટ સં. ૧ માં બતાવ્યા મુજબના વિશેષ નિયમોને સ્વીકારનાર 'વિશિષ્ટ' અણુવ્રતી કહેવાશે.

(ગ) પરિશિષ્ટ સં. ૨ માં બતાવ્યા મુજબના અગિયાર નિયમો અથવા વર્ગીય નિયમોને સ્વીકારનાર 'પ્રવેશક અણુવ્રતી' કહેવાશે.

(૬) નિયમનો ભંગ થવા બદલ અણુવ્રતીને પ્રાયશ્ચિત કરવું જરૂરી ગણાશે.

(૭) વ્રતપાલનની દિશામાં અણુવ્રતીઓને માર્ગદર્શન 'પ્રવર્તક' આપશે.

---

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# વિચાર અથવા પ્રયોગની ભૂમિ પર અણુવ્રત આંદોલન

## ઉદ્દભવ અને ધ્યેય:—

પડતીની પરાકાષ્ઠા જ ઉર્ધ્વ સંચારની શરૂઆત બને છે. સમસ્યા જ સમાધાનની ઉર્વર ભૂમિકા થઈ જાય છે. અનૈતિકતા જ્યારે પરાકાષ્ઠા પર પહોંચી અને માનવતા જ્યારે તેની મારફતે મૃતપ્રાય બની ત્યારે તેના પ્રતિકાર સ્વર રૂપે અણુવ્રત આંદોલન શરૂ થયું. સમસ્યાનું કારણ મનુષ્યનો અસંયમ છે, અને સંયમ તેનું સમાધાન છે. અણુવ્રત આંદોલન સંયમનું પ્રતિક છે. વ્રતોના સંકલ્પ–બળના આધારે મનુષ્ય ક્રમિક વિકાસ કરતો દોષ મુક્ત બને, તે અહિંસા અને સત્યની પૂર્ણતા પર પહોંચે–એ તેનું ધ્યેય છે.

## ક્રાંતિનું મૂળ વિચારોમાં:—

વ્યક્તિઓના એકમોથી સમાજ બને છે. સમાજની નૈતિક સ્વસ્થતા માટે પ્રત્યેક વ્યક્તિએ નૈતિક દૃષ્ટિથી સ્વસ્થ હોવું જરૂરી છે. આ દિશામાં વિજ્ઞાન મૌન છે, રાજકીય નિયમો પાંગળા છે. આવી પરિસ્થિતિમાં માત્ર વિચાર શક્તિ જ એક માર્ગ રહે છે, જો વ્યક્તિ વ્યક્તિના હૃદયમાં વિવેકના અંકુર ફોડીને તેને પુષ્પિત અને પલ્લવિત્ત કરી શકે છે. ભલે હૃદય પરિવર્તનની અને એકથી સર્વને સુધારવાની વાત ક્રાંતિકારક ન લાગે પરંતુ આનાથી બીજી કોઈ શ્રેયકર વાત તો છે જ નહિ. કોઈ સુધાર અથવા ક્રાંતિનું સર્વ પ્રથમ બીજ વ્યક્તિના વિચારોમાંથી ફૂટે છે, એમ ઈતિહાસ બતાવે છે. વિચારદાનથી તેની ભાવના અનેક લોકોના મનમાં અને મસ્તિષ્કમાં આવી અને તેના અનુરૂપ તેના હાથપગમાં ગતિ આવી, સુધાર થયો, અને ક્રાંતિ શરૂ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થઈ. કંઈક પરિવર્તનો જોતજોતામાં આવી જાય છે, કંઈક પેઢીઓના અંતર સુધી ફલિત થાય છે, પણ બધા પરિવર્તનોની જડ વિચારોમાં જ ચોટેલી હોય છે. વિચારોની જડ ખસી જાય તો ક્રાંતિના બનાવેલા મહેલો પણ ધસી પડે છે. અણુવ્રત આંદોલન એક વિચાર ક્રાંતિ છે. તે વ્યક્તિના મનમાં અહિંસા અને સત્યની નિષ્ઠા ઉત્પન્ન કરીને તે નૈતિક મૂલ્યોની તરફ શ્રદ્ધાવાન બનાવી દેવા ઇચ્છે છે.

## મૂર્ત અને અમૂર્ત રચનાત્મકતાઃ—

વિચારોનો પ્રવાહ વિદ્યુતની જેમ ઝડપી છે. તે એકી સાથે વિશ્વને પણ પ્રભાવિત કરવામાં શક્તિમાન છે. તે અમૂર્ત છે, અવરોધ ગતિથી ચાલે છે. મૂર્ત રચનાત્મકતા ત્યાંની ત્યાં રોકાઈ જાય છે. તેનામાં જડતા આવી જાય છે. તે મૂર્તિમંત થવામાં સમય અને શ્રમનો જેટલો ભોગ લે છે, તેટલું પરિણામ આપતી નથી. મૂર્તને મૂળ માનીને ચાલવામાં કાર્ય સંકુચિત થાય છે, અમૂર્તને મૂળ માનીને ચાલવામાં અમૂર્તની વિસ્તૃતતા પર મૂર્ત પોતે જ ઉપસ્થિત થાય છે. કોટિકોટિ મગજમાં આવતા વિચારો કોટિ–કોટિ હાથોનો વિષય બને છે. અમૂર્ત અને મૂર્ત રચનાત્મકતાનો આ દૃષ્ટિકોણ અણુવ્રત–આંદોલનને સર્વાંગી બનાવે છે.

## યોજનાની સિદ્ધિ તેના પરિણામમાંઃ—

યોજનાની સિદ્ધિ કેવળ તેના સંગૃહીત આદર્શોમાં નથી. અહિંસા, સત્ય આદિ સર્વોચ્ચ આદર્શોથી ધર્મશાસ્ત્રો ભરેલાં છે, પણ આ આદર્શોનું મૂલ્ય ત્યારે જ થાય કે, જ્યારે તે જીવનમાં ઉતરે છે. અણુવ્રત–આંદોલનનું આ સૌભાગ્ય રહ્યું છે કે યોજનાના રૂપમાં તે અણુ છે અને ક્રિયાત્મકરૂપમાં તે વ્યાપક છે. મહામહિમ આચાર્ય શ્રી તુલસી અને તેરાપંથના વિદ્વાન અને મનસ્વી મુનિજન અણુવ્રત આદર્શોને જન-જનમાં ક્રિયાન્વિત કરવા માટે જાણે જીવનવ્રત લઈ પ્રયાણ કરી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રહ્યા છે. આ અકિંચન પરિવ્રાજકોએ દેશનાં પૂર્વ ખૂણાથી પશ્ચિમ ખૂણા સુધી અને ઉત્તર ખૂણાથી દક્ષિણ ખૂણા સુધી નૈતિક નવ જાગૃતિની જ્યોતિ જગાવી છે. નૈતિકતા શબ્દ જે ભ્રષ્ટાચારનાં દળ-દળમાં દબાઈ રહ્યો હતો એને એકાએક ઉપર લાવી દીધો. ભલે આપણે એમ ન કહી શકીએ કે, અનૈતિકતા દેશથી નષ્ટ થઈ છે. પણ એટલું તો આપણે અસન્દિગ્ધ રૂપથી કહી શકીએ કે અણુવ્રત આંદોલને નૈતિકતાના પક્ષમાં એક વાતાવરણ તૈયાર કર્યું છે. અવગુણો ખરેખર પોતાના અનુકૂળ વાતાવરણમાં જ જીવે છે. બજારમાં કાળાબજાર, ભેળસેળ અને અન્ય અપ્રમાણિકતા એટલા માટે ચાલે છે કે તેમને અનુકૂળ વાતાવરણ ત્યાં હોય છે. અધિકાંશ લોકો તેવું જ કરે છે. કોઇ કોઈના તરફ આંગળી ઉઠાવતું નથી. જે દિવસે અધિકાંશ વ્યાપારીઓ પ્રમાણિકતાથી વર્તશે અને ભેળસેળ અથવા કાળાબજાર કરાવવાળાની તરફ આંગળી ઉઠાવશે, તે દિવસે અપ્રમાણિકતાને બજારમાંથી ભાગવું પડશે. અપ્રમાણિક વ્યાપારીઓને પણ પ્રમાણિક લોકોમાં સ્થાન મેળવવા માટે પ્રમાણિક બનવા લાચાર થવું પડશે. આવી જ પરિસ્થિતિ રાજ્યકર્મચારિયો, વિદ્યાર્થી આદિ અન્ય વર્ગોની છે. આંદોલને પ્રત્યેક વર્ગમાં દૃઢ નૈતિક વાતાવરણ બનાવ્યું છે. કોટિ-કોટિ લોકો આંદોલનથી પ્રેરિત થયા છે, લાખો લોકો સામાન્ય રૂપથી વ્રતી બન્યા છે. વ્યાપારીઓએ પોતાના નૈતિક વ્રતોની સુરક્ષા માટે લાખોનાં લાભને જતો કરીને દાખલો બેસાડ્યો છે. રાજ્યકર્મચારિયોએ પોતાની ઈમાનદારી અને ન્યાય પ્રિયતા માટે પોતાના આર્થિક સ્વાર્થને ગૌણ કરી આદર્શ દાખવ્યો છે વિદ્યાર્થીઓએ પરીક્ષામાં નકલ ન કરવી તોડફોડ ન કરવી અને ટિકિટ વગર મુસાફરી ન કરવાની બાબતમાં દૃઢ વ્રતપાલનનો પરિચય આપ્યો છે. ઘણા કંકાસ કજિયામાં રચ્યાંપચ્યાં રહેતા કુટુંબોએ અણુવ્રતને અપનાવીને શાન્તિધામ રૂપ બન્યા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**નિર્વાચન સંબંધી આચાર સંહિતા:**—આંદોલનની સક્રિયતા જ્યાં વિભિન્ન વર્ગોનાં નૈતિકનિર્માણ તેમજ અસમાજિક તત્વોનાં સુધારમાં જાગૃત થઈ છે, તે રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સમસ્યાઓમાં પણ એક ભાવનાત્મકભૂમિ આપવામાં ગતિશિલ રહી છે. જનતંત્ર એક નવીન સામાજિક મૂલ્ય છે. ચૂંટણી તેનો આત્મા છે. પરંતુ જનતાનો વર્તમાન નૈતિક સ્તર અને ચૂંટણી પ્રણાલિકા બંને મળીને એક અનૈતિક મહારોગ જેવું પેદા કરે છે. અણુવ્રત આંદોલનના અન્તર્ગત વિગત રાષ્ટ્રિય ચૂંટણીના પ્રસંગ પર એક ઉચ્ચકોટિની ચૂંટણી શુદ્ધિ અભિયાન ચલાવવામાં આવ્યો. રાજ્યધાની (દિલ્હી) માં આંદોલન પ્રવર્તક આચાર્ય શ્રી તુલસીના સાનિધ્યમાં એક વિચાર સભા થઈ, જેમાં ચૂંટણી વિષેયક શ્રી સુકુમાર સેન, કોંગ્રેસના તે સમયના અધ્યક્ષ શ્રી ઉ. ન. ઢેબર, પ્રજા સમાજવાદી પક્ષના નેતા આચાર્ય જે. બી. કૃપલાની સામ્યવાદી પક્ષના નેતા શ્રી. એ કે ગોપાલન તથા અન્ય રાજ્યનૈતિક પક્ષોના અગ્રણી નેતાઓ ઉપસ્થિત હતા. તે સભામાં અણુવ્રત આંદોલન દ્વારા પ્રસ્તુત ચૂંટણી સંહિતા પર વિચાર કરવામાં આવ્યો અને સત્તર નિયમોની તે આચાર સંહિતા સર્વાનુમતે સ્વીકાર થઈ આચાર્ય શ્રી દ્વારા જાહેર કરવામાં આવી. (જુઓ પૃષ્ઠ નં ૨૧) ચૂંટણીના વાતાવરણમાં નાના ઉપક્રમોથી વ્યાપક પ્રચાર થયો. વિભિન્ન લોકો દ્વારા તે આદર્શો પર ચાલવાના જલવન્ત ઉદાહરણો પણ જોવામાં આવ્યાં. અત્યારે તે આચાર સંહિતા અણુવ્રત આંદોલનનો સ્થાયી સ્તંભ બની ગઈ છે અને ચૂંટણીના સંબંધથી નૈતિક મૂલ્યોની જાણ અથવા નિર્દેશન સદાને માટે કરતી રહેશે, એવી આશા સેવવામાં આવે છે.

## વિશ્વ મૈત્રીની દિશામાં :—

અણુશસ્ત્રોના નિર્માણ પરિક્ષણ અને પ્રયોગોની પશ્ચાદ્ સમગ્ર વિશ્વ જાણે ભીષણ જ્વાળામુખીના મુખ પર પહોંચી ગયું છે. ઠંડુ યુદ્ધ રોકાઈ રોકાઈને ઉષ્ણ યુદ્ધમાં બદલાવા ઈચ્છે છે. ત્રીજા વિશ્વ



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

યુદ્ધની પછી માનવ સભ્યતાનું શું રૂપ રહેશે, એ વિષયમાં દૂરંદર્શી વિચારકોની કલ્પનાઓ પણ અસ્ત થઈ ગઈ છે. યુદ્ધનું મૂળ કારણ મનુષ્યનું મન છે તેમાં જો મૈત્રીનું બીજ યોગ્ય સમયે વાવવામાં આવે તો યુદ્ધનું બીજ ક્યાં પડે જ નહિ. આંતરરાષ્ટ્રિય ક્ષેત્રમાં મૈત્રીભર્યું વાતાવરણ બની રહે એ દિશામાં આંદોલન બની શકે તેટલું સક્રિય રહ્યું છે. ઈ. સ. ૧૯૫૫ થી પ્રતિવર્ષ એક ઉચ્ચ મૈત્રી દિન મનાવવાની પ્રણાલિકા પ્રારંભ કરવામાં આવી, જેમાં દેશના ઉચ્ચતમ રાજનૈતિકો, વિદેશી કૂટનીતિજ્ઞો અને આંતરરાષ્ટ્રિય સંસ્થાનોએ સક્રિય ભાગ લીધો. યૂનેસ્કોના તે સમયના ડાયરેક્ટર જનરલ લૂથર ઈવાન્સે આ સબંધમાં કહ્યું કે, "સામાજિક અને આંતરરાષ્ટ્રિય સ્તર પર પ્રતિવર્ષ મૈત્રી દિન મનાવવો આંતરાષ્ટ્રિય તણાવો (Tensions) ઓછા કરવાની દિશામાં અને વિશ્વબંધુતા અથવા વિશ્વમૈત્રીના નિર્માણની દિશામાં એક સુદૃઢ પગલું છે."

ઈ. સ. ૧૯૫૯ માં અમેરિકાના તે સમયના રાષ્ટ્રપતિ આઈઝન-હોવર અને રશિયાના પ્રધાનમંત્રી શ્રી ક્રુશ્ચેવના પ્રથમ મિલન પ્રસંગે આંદોલન પ્રવર્તક આચાર્ય શ્રી તુલસીએ એક વિશેષ સંદેશ દ્વારા એક પંચસૂત્રી આંતરરાષ્ટ્રિય આચાર સંહિતા પણ જાહેર કરી. તે સંદેશ આઈઝનહોવર ક્રુશ્ચેવ આદિ વિભિન્ન દેશોના રાષ્ટ્રપતિઓ, પ્રધાનમંત્રીઓ, સંયુક્ત રાષ્ટ્ર સંઘના હોદ્દેદારોમાં વિભિન્ન આંતર-રાષ્ટ્રિય પત્રપત્રિકાઓમાં પ્રસારિત થયા સારી પ્રતિક્રિયા પણ થઈ. તે પંચસૂત્રી આચાર સંહિતામાં કહ્યું હતું...

(૧) કોઈ રાષ્ટ્ર અન્ય રાષ્ટ્ર પર આક્રમણ ન કરે અને આક્રમણ કારીને સહાય ન આપે.

(૨) કોઈ રાષ્ટ્ર અણુશસ્ત્રોનું નિર્માણ, પરિક્ષણ કે પ્રયોગ ન કરે.

(૩) કોઈ રાષ્ટ્ર અન્યની આંતરિક નીતિમાં હસ્તક્ષેપ ન કરે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૪) કોઈ રાષ્ટ્ર આંતરરાષ્ટ્રિય વિધિ–નિયમોનું ઉલ્લંઘન ન કરે.

(૫) કોઈ રાષ્ટ્ર કોઈપણ રાષ્ટ્રને પોતાને આધિન ન રાખે.

આ પ્રકાર અણુવ્રત આંદોલન વ્યક્તિથી વિશ્વ સુધી પોતાની નૈતિક પ્રેરણાઓ પહોંચાડવામાં સફળ થયું છે અને થઈ રહ્યું છે. ખરેખર એણે જનમાનસને નવીન પ્રકારથી આંદોલિત કર્યું છે. અને એટલા માટે એનું આંદોલન નામ સાર્થક થયું છે. ભારતવર્ષમાં આ પ્રકારનું આ એક જ આંદોલન છે, જે કેવળ નૈતિક અભ્યુદયને જ પોતાનો ધ્યેય માની ચાલી રહ્યું છે. એક વિષયની તરફ જ એક નિષ્ઠ થઈને ચાલવું એ આંદોલનની પોતાની નિરાળી વિશેષતા બની ગઈ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અણુવ્રત આંદોલનનાં નિયમો

## (૧) અહિંસા અણુવ્રત

" અહિંસા સવ્વભૂયખેમંકરી " (જૈન)
(અહિંસા સર્વજીવો માટે કલ્યાણકારી છે.)

" અહિંસા સવ્વપાણાનં અરિયો તિ પવુચ્ચતિ (બૌદ્ધ)
(અહિંસા સર્વજીવોનું પરમતત્વ છે.)

" મા હિંસ્યાત્ સર્વભૂતાનિ " (વેદ)
(કોઈપણ જીવની હિંસા ન કરો.)

* * *

(૧) ચાલતાં ફરતાં નિરપરાધ પ્રાણીની ઈરાદાપૂર્વક હિંસા કરવી નહિ.

(૨) આત્મહત્યા કરવી નહિ.

(૩) હત્યા તેમજ તોડફોડનો ઉદ્દેશ્ય રાખનાર મંડળ અથવા સંસ્થાના સભ્ય બનવું નહિ, અને તેમના કાર્યમાં ભાગ પણ લેવો નહિ.

(૪) જ્ઞાતિભેદની દષ્ટિથી કોઈપણ વ્યક્તિને અસ્પૃશ્ય માની તેનો તિરસ્કાર કરવો નહિ.

(૫) બધા ધર્મો પ્રત્યે તિતિક્ષાનો ભાવ રાખવો, ભ્રાન્તિ ફેલાવવી નહિ, તેમજ મિથ્યા આરોપ લગાડવો નહિ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૬) કોઈની પણ સાથે ક્રૂર વ્યવહાર કરવો નહિ.

(ક) કોઈ કર્મચારી, નોકર અથવા મજૂર પાસે અતિશ્રમ લેવો નહિ.

(ખ) પોતાના આશ્રિત જીવોની ખાવાપીવાની વસ્તુઓનો તેમજ આજીવિકાનો દ્વેષભાવથી વિચ્છેદ કરવો નહિ.

(ગ) પશુઓ પર અતિ ભાર ભરવો નહિ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## (૨) સત્ય અણુવ્રત

"સા મા સત્યોક્તિ: પરિપાતુ વિશ્વત:" (વેદ)

(સત્ય સંપૂર્ણપણે મારી રક્ષા કરે.)

"યમ્હિ સચ્ચં ચ ધમ્મો ચ સો સુચી" (બૌદ્ધ)

(જેમાં ધર્મ અને સત્ય છે તે પવિત્ર છે.)

"સચ્ચં લોગમ્મિ સારભૂયં" (જૈન)

(સત્ય લોકમાં સારભૂત છે.)

* * *

(૧) કોઈપણ વસ્તુની લે-વેચ કરતાં તેના પ્રકાર ભાવ, તોલ, સંખ્યા વગેરેની બાબતમાં અસત્ય બોલવું નહિ.

(૨) જાણી જોઈને ખોટો નિર્ણય આપવો નહિ.

(૩) ખોટો કેસ કરવો નહિ તેમજ ખોટી સાક્ષી આપવી નહિ.

(૪) અનામત (થાપણ) મૂકેલી વસ્તુ માટે ઈન્કાર કરવો નહિ.

(૫) દગોફટકો તેમજ વિશ્વાસઘાત કરવો નહિ.

(ક) ખોટા હસ્તાક્ષર કરવાં નહિ.

(ખ) જૂઠું ખત અથવા દસ્તાવેજ લખાવવો નહિ.

(ગ) બનાવટી નોટ અથવા સિક્કા બનાવવા નહિ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૬) છેતરપીંડીવાળો વ્યવહાર કરવો નહિ.

(ક) ખોટું પ્રમાણપત્ર આપવું નહિ.

(ખ) ખોટી જાહેરાત કરવી નહિ.

(ગ) અયોગ્ય રીતે પરીક્ષામાં પાસ થવાની ચેષ્ટા કરવી નહિ,

(ઘ) અયોગ્ય રીતે પરીક્ષામાં પાસ થવા માટે વિદ્યાર્થીઓને સહાયક થવું નહિ.

(૭) સ્વાર્થ, લોભ, તથા દ્વેષવશ શંકા ઉદ્ભવે તેવો મિથ્યા સંવાદ લેખ તથા ટીકાટીપ્પણી પ્રકાશિત કરવી નહિ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## (૩) અચૌર્ય અણુવ્રત

" લોકે આદિન્નં નાદિયતિ તમહં બ્રૂમિ બ્રાહ્મણં " (બૌદ્ધ)
(જે અદત્ત લેતો નથી, તેને હું બ્રાહ્મણ કહું છું.)

" લોભાવિલે આયયઈ અદત્તં " (જૈન)
(ચોરી તે જ કરે છે જે લોભી છે.)

* * *

(૧) બીજાની વસ્તુને ચોરીવૃત્તિથી લેવી નહિ.

(૨) જાણીજોઈને ચોરીની વસ્તુ ખરીદવી નહિ, તથા ચોરને ચોરી કરવામાં સહાયતા આપવી નહિ.

(૩) રાજ્ય-નિષિદ્ધ વસ્તુનો વેપાર તેમજ આયાત નિકાસ કરવી નહિ.

(૪) વ્યાપારમાં અપ્રમાણિકતાથી વર્તવું નહિ.

(ક) કોઈપણ વસ્તુમાં ભેળસેળ કરવું નહિ. (જેમ કે દૂધમાં પાણી, લોટમાં શંખજીરૂ, ઘીમાં વેજીટેબલ, ઓષધી આદિમાં અન્ય વસ્તુનું મિશ્રણ કરવું.)

(ખ) નકલી વસ્તુને અસલી તરીકે ઓળખાવીને વેચવી નહિ, (જેમકે-કલ્ચર મોતીને સાચા મોતી તરીકે ઓળખાવવું. અશુદ્ધ ઘીને શુદ્ધ ઘી તરીકે બતાવવું આદિ.)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(ગ) એક પ્રકારની વસ્તુ બતાવીને બીજા પ્રકારની વસ્તુ આપવી નહિ.

(ઘ) કોઈપણ સોદામાં ગાળો ખાવો ન

(ડ) તોલ માપમાં ઓછું વસ્તુ આપવું નહિ.

(ચ) સારા માલને વટાવ કાપવાની દાનતથી ખરાબ અથવા નુકશાની ઠરાવવો નહિ.

(છ) વ્યાપાર અર્થે કાળાબજાર કરવા નહિ.

(૫) કોઈ ટ્રસ્ટ અથવા સંસ્થાનાં અધિકારી થઈને તેની ધનસંપત્તિનું અપહરણ કે અપવ્યય કરવો નહિ.

(૬) ટિકિટ વિના રેલ્વે આદિમાં મુસાફરી કરવી નહિ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## (૪) બ્રહ્મચર્ય અણુવ્રત

" તવેસુ વા ઉત્તમં બંભચેરં " (જૈન)

(બ્રહ્મચર્ય સર્વ તપમાં પ્રધાન છે.)

" મા તે કામગુણે રમસ્સુ ચિત્ત " (બૌદ્ધ)

(તારુ મન કામભોગમાં રમણ ન કરે.)

" બ્રહ્મચર્યેણ તપસા દેવા મૃત્યુમુપાઘ્નત " (વેદ)

(બ્રહ્મચર્ય તપ દ્વારા દેવોએ મૃત્યુને જીતી લીધું.)

*　　　*　　　*

(૧) કુમાર અવસ્થા સુધી બ્રહ્મચર્યનું પાલન કરવું.

(૨) ૪૫ વર્ષની ઉંમર પછી લગ્ન કરવું નહિ.

(૩) મહિનામાં ઓછામાં ઓછા ૨૦ દિવસ બ્રહ્મચર્યનું પાલન કરવું.

(૪) કોઈ પણ પ્રકારનું અપ્રાકૃતિક મૈથુન કરવું નહિ.

(૫) વેશ્યા તેમજ પરસ્ત્રીગમન કરવું નહિ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat　　www.umaragyanbhandar.com

# (૫) અપરિગ્રહ અણુવ્રત

"મા ગૃધઃ કસ્ય સ્વિદ્ધનમ્" (વેદ)

(કોઈના ધન ઉપર લલચાઓ નહિ.)

"ઇચ્છાહુ આગાસસમા અણંતયા" (જૈન)

(ઇચ્છાઓ આકાશની જેમ અનંત છે.)

"તણ્હક્ખયો સવ્વં દુક્ખં જિનાતિ" (બૌદ્ધ)

(જેની તૃષ્ણા ક્ષીણ થઈ જાય છે, તે સર્વ દુઃખોને જીતી લે છે.)

*　　*　　*

(૧) પોતાના મર્યાદિત પ્રમાણથી અધિક પરિગ્રહ રાખવો નહિ.

(૨) લાંચરૂશ્વત લેવી નહિ.

(૩) મત (વોટ) માટે રૂપિયા લેવા નહિ તેમ જ આપવા નહિ.

(૪) પોતાના લોભની ખાતર રોગીની ચિકિત્સા કરવામાં અનુચિત વિલંબ કરવો નહિ.

(૫) સગાઈ તેમજ લગ્નના પ્રસંગે કોઈપણ પ્રકારનો લેવાનો ઠરાવ કરવો નહિ.

(૬) દહેજ આદિનું પ્રદર્શન કરવું નહિ, અને એવા પ્રદર્શનમાં ભાગ પણ લેવો નહિ.

---

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat　　www.umaragyanbhandar.com

# (૪) શીલ અને ચર્યા

અણુવ્રતીની જીવનચર્યા જીવનશુદ્ધિની ભાવનાને પ્રતિકુળ ન થાય, એટલા માટે નીચેના નિયમોનું પાલન આવશ્યક છે.

(૧) માંસાહારી ભોજન કરવું નહિ.

(૨) મદ્યપાન કરવું નહિ.

(૩) ભાંગ, ગાંજો, તમાકુ તથા જર્દો આદિનો ખાવાપીવામાં તેમજ સુંઘવામાં ઉપયોગ કરવો નહિ.

(૪) ખાવાપીવાની વસ્તુઓની દૈનિક મર્યાદા રાખવી, કોઈપણ દિવસ ૩૧ વસ્તુઓથી વધારે ખાવાપીવાના ઉપયોગમાં લેવી નહિ.

(૫) વર્તમાન વસ્ત્રો સિવાય રેશમી, કૃમિ હિંસાજન્ય વસ્ત્રો પહેરવાં કે ઓઢવાં નહિ.

(૬) વિશેષ પરિસ્થિતિમાં અથવા વિદેશવાસના અપવાદ સિવાય, ચાલુ વસ્ત્રોને ત્યજી સ્વદેશની બહાર બનેલા વસ્ત્રો પહેરવાં તેમજ ઓઢવાં નહિ.

(૭) અસદ્ આજીવિકા કરવી નહિ.

(ક) દારૂનો વેપાર કરવો નહિ.

(ખ) જુગાર તથા રેસની (Race) રમત રમવી નહિ.

(ગ) માંસનો વેપાર કરવો નહિ. ( માંસ, માછલી, ઈંડા, વગેરે. )

(૮) મરનારની પાછળ રિવાજ તરીકે રોવું નહિ.

(૯) હોળીના પર્વમાં ગંદા પદાર્થો બીજા પર ફેંકવા નહિ તેમજ અશ્લીલ તથા અસભ્ય વ્યવહાર કરવો નહિ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# (૫) આત્મ ઉપાસના

(૧) પ્રતિદિન આત્મચિંતન કરવું.

(૨) પ્રતિમાસે એક ઉપવાસ કરવો, જો ઉપવાસ ન થઈ શકે તો બે એકાસણાં કરવાં.

(૩) પખવાડિયામાં એકવાર વર્તનનું અવલોકન અને થયેલી ભૂલો તેમજ પ્રગતિનું નિરીક્ષણ કરવું.

(૪) કોઇની સાથે અનુચિત અથવા કટુવ્યવહાર થઈ જવા બદલ પંદર દિવસમાં ક્ષમાયાચના કરી લેવી.

(૫) પ્રતિવર્ષ એક અહિંસા દિવસ મનાવવો. તે દિવસે નિચેના નિયમોનું પાલન કરવું.

(ક) ઉપવાસ કરવો.

(ખ) બ્રહ્મચર્યનું પાલન કરવું.

(ગ) અસત્ય વ્યવહાર કરવો નહિ.

(ઘ) કોઇને પણ કટુ વચન બોલવું નહિ.

(ઙ) મનુષ્ય, પશુ પક્ષીઓ આદિ ઉપર પ્રહાર કરવો નહિ.

(ચ) મનુષ્ય તથા પશુઓ ઉપર સવારી કરવી નહિ.

(છ) વર્ષ દરમ્યાન થયેલી ભૂલોની આલોચના કરવી.

(જ) કોઈની પણ સાથે થયેલા કટુ વ્યવહાર માટે ક્ષમતક્ષામણાં કરવાં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પરિશિષ્ઠ-૧

### વિશિષ્ઠ અણુવ્રતીના નિયમો

(૧) પોતાના માટે વર્ષ દરમ્યાન ૧૦૦ વારથી વધારે કાપડ પહેરવાં કે ઓઢવાં માટે ખરીદવું નહિ, અથવા હાથના કાંતેલા તેમજ વણેલાં વસ્ત્રો સિવાય અન્ય વસ્ત્રો પહેરવાં નહિ.

(૨) લાંચરૂશ્વત આપવી નહિ.

(૩) આવકવેરો, વેચાણવેરો તથા મૃત્યુવેરાની ચોરી કરવી નહિ.

(૪) રાજ્યદ્વારા નક્કી કરેલાં દરથી વધારે વ્યાજ લેવું નહિ.

(૫) સટ્ટો કરવો નહિ.

(૬) સંગ્રહીત પૂંજી (સોનું, ચાંદી, ઝવેરાત, આભૂષણ અને રોકડ-નાણું) એક લાખથી વધારે રાખવું નહિ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પરિશિષ્ટ-૨

### પ્રવેશક અણુવ્રતીના નિયમો

(૧) ચાલતાં ફરતાં નિરપરાધ પ્રાણીની ઈરાદાપૂર્વક હત્યા કરવી નહિ.

(૨) અનામત મૂકેલી (થાપણ) વસ્તુ માટે ઈન્કાર કરવો નહિ.

(૩) બીજાની વસ્તુ ચોરવૃત્તિથી લેવી નહિ.

(૪) કોઈપણ વસ્તુમાં ભેળસેળ કરીને અથવા તો નકલીને અસલી ઓળખાવીને વેચવી નહિ.

(૫) તોલમાપમાં ઓછુંવત્તું આપવું નહિ.

(૬) વેશ્યા તેમ જ પરસ્ત્રીગમન કરવું નહિ.

(૭) જુગાર રમવો નહિ.

(૮) સગાઈ તેમ જ લગ્નના પ્રસંગમાં કોઈ પણ પ્રકારનો લેવાનો ઠરાવ કરવો નહિ.

(૯) મત (વોટ) માટે રૂપિયા લેવા નહિ તેમ જ આપવા નહિ.

(૧૦) મદ્યપાન કરવું નહિ.

(૧૧) ભાંગ, ગાંજો, તમાકું આદિ ચીજોનો ખાવાપીવામાં તેમ જ સુંઘવામાં ઉપયોગ કરવો નહિ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# વર્ગીય અણુવ્રતીના નિયમો

## વિદ્યાર્થીઓ માટે

(૧) અયોગ્ય રીતે પરીક્ષામાં પાસ થવાનો પ્રયત્ન કરવો નહિ.

(૨) તોડફોડ જેવી હિંસાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લેવો નહિ.

(૩) લગ્ન પ્રસંગે રૂપિયા આદિ લેવાનો ઠરાવ કરવો નહિ.

(૪) ટિકિટ વિના રેલ્વે આદિમાં મુસાફરી કરવી નહિ,

## વ્યાપારીઓ માટે

(૧) કોઈપણ ચીજમાં ભેળસેળ કરવું નહિ.

(૨) નકલી માલને અસલી તરીકે ઓળખાવીને વેચવો નહિ.

(૩) એક પ્રકારની વસ્તુ બતાવીને બીજા પ્રકારની વસ્તુ આપવી નહિ.

(૪) કોઈપણ સોદામાં (વચ્ચે) ગાળો ખાવો નહિ.

(૫) તોલમાપમાં ઓછુંવત્તું આપવું નહિ.

(૬) સારા માલને વટાવ કાપવાની દાનતથી ખરાબ અગર નુકશાની ઠરાવવો નહિ.

(૭) વ્યાપાર નિમિત્તે કાળાબજાર કરવા નહિ.

(૮) રાજ્યનિષિદ્ધ વસ્તુનો વેપાર તેમ જ આયાત નિકાસ કરવી નહિ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## રાજ્ય કર્મચારીઓ માટે

(૧) લાંચરૂશ્વત લેવી નહિ.

(૨) પોતાને પ્રાપ્ત થયેલા અધિકારો દ્વારા કોઈની પણ સાથે અન્યાય કરવો નહિ.

(૩) જનતા તેમ જ સરકારને દગો દેવો નહિ.

## મહિલાઓ માટે

(૧) દહેજ આદિનું પ્રદર્શન કરવું નહિ.

(૨) પોતાના સંતાનોનાં લગ્નમાં રૂપિયા આદિ લેવાનો ઠરાવ કરવો નહિ.

(૩) આભૂષણ આદિને માટે પતિને દબાણ કરવું નહિ.

(૪) સાસુ સસરાની સાથે કટુ વ્યવહાર થઈ જવા બદલ ક્ષમા-યાચના કરવી.

(૫) અશ્લીલ તેમ જ અસભ્ય ગીત ગાવાં નહિ.

(૬) મરનારની પાછળ રિવાજ તરીકે રોવું નહિ.

(૭) બાળકો માટે ગાળો અથવા અસભ્ય શબ્દોનો પ્રયોગ કરવો નહિ.

તા. ક. પ્રવેશક અણુવ્રતી બનવા માટે મહિલાઓને ઓછામાં ઓછા પાંચ નિયમોનું અવશ્ય પાલન કરવું પડશે.

## ચૂંટણી સંબંધી નિયમો

(૧) રૂપિયા તેમજ ગેરકાયદેસર અન્ય પ્રલોભન આપીને મત લેવો નહિ.

(૨) કોઈપણ મંડળ અથવા ઉમેદવાર પ્રત્યે મિથ્યા, અશ્લીલ તેમજ અસભ્ય પ્રચાર કરવો નહિ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૩) ધમકીથી તેમજ અન્ય હિંસાત્મક પ્રભાવદ્વારા કોઈને પણ મતદાન માટે પ્રભાવિત કરવા નહિ.

(૪) મત ગણત્રીમાં ચિટ્ઠીઓની હેરફેર કરવી નહિ.,

(૫) વિરુદ્ધ પક્ષના ઉમેદવાર અને તેના મતદારોને પ્રલોભન તેમજ ભય આદિ બતાવીને તથા મદ્યપાન કરાવી તટસ્થ કરવાનો પ્રયત્ન કરવો નહિ.

(૬) અન્ય ઉમેદવાર અથવા મંડળ પાસેથી પૈસા પ્રાપ્ત કરવા માટે ઉમેદવાર બનવું નહિ.

(૭) સેવાભાવથી રહિત કેવળ વ્યવસાય બુદ્ધિથી ઉમેદવાર બનવું નહિ.

(૮) અનુચિત તેમજ ગેરકાયદેસર ઉપાયોથી પાર્ટી–ટિકિટ લેવાનો પ્રયત્ન કરવો નહિ.

(૯) પોતાના અભિકર્તાઓ (એજન્ટ) સમર્થકો અને કાર્યકર્તાઓને આ નિયમોની ભાવનાઓનું ઉલ્લંઘન કરવાની અનુમતિ આપવી નહિ.

## ચૂંટણી અધિકારી માટે

(૧) પોતાના કર્તવ્ય પાલનમાં પક્ષપાત, પ્રલોભન તેમજ અન્યાયને સ્થાન આપવું નહિ.

## સત્તારૂઢ ઉમેદવાર માટે

(૧) રાજકીય સાધનો તથા અધિકારોનો દુરપયોગ કરવો નહિ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## મતદારો માટે

(૧) રૂપિયા પૈસા લઈને અથવા લેવાનો ઠરાવ કરીને મતદાન કરવું નહિ.

(૨) કોઈ ઉમેદવાર અથવા મંડળને ખોટો ભરોંસો આપવો નહિ.

(૩) બનાવટી (ખોટા) નામથી મતદાન કરવું નહિ.

## સમર્થકો માટે

(૧) પોતાના પક્ષના અથવા વિરુદ્ધ પક્ષના કોઈપણ ઉમેદવારનો જૂઠ્ઠો પ્રચાર કરવો નહિ.

(૨) અનૈતિક સાધનો દ્વારા બીજાઓની સભાને ભંગ કરવાનો પ્રયત્ન કરવો નહિ.

(૩) ઉમેદવારો સંબંધી સર્વ નિયમોનું પાલન કરવું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પરિશિષ્ઠ-૪

# આત્મચિંતન

(૧) કોઈની સાથે મન, વચન, અને કાયાથી દુર્વ્યવહાર તો નથી કર્યો?

(૨) ઘરનાં અથવા અન્ય વ્યક્તિઓની સાથે ઝઘડો તો નથી કર્યો?

(૩) અસત્ય બોલીને પોતાની ભૂલ છુપાવવાની કોશિશ તો નથી કરી?

(૪) સ્વાર્થથી કે નિસ્વાર્થે કોઈની જૂઠી વાતનો પ્રચાર તો નથી કર્યો?

(૫) ધન મેળવવા માટે વિશ્વાસઘાત તો નથી કર્યો।

(૬) કોઈની કોઈ વસ્તુ ચોરી તો નથી?

(૭) કામભોગની તીવ્ર અભિલાષા તો નથી રાખી?

(૮) સ્વ-પ્રશંસા અને પરનિંદાથી પ્રસન્નતા તો નથી થઈ અને સ્વ-નિંદા અને પર-પ્રશંસાથી અપ્રસન્નતા તો નથી થઈ?

(૯) આજે ક્રોધ તો નથી આવ્યો? અને આવ્યો હોય તો શા માટે? કોના પર અને કેટલી વાર?

(૧૦) પોતાના મુખથી પોતાની પ્રશંસા તો નથી કરી?

(૧૧) કોઈનો જૂઠો પક્ષ લઈને વિવાદ તો નથી કર્યો? અને કોઈનું અપમાન કરવાની કોશિશ તો નથી કરી?

(૧૨) કોઈની નિંદા તો નથી કરી?

(૧૩) કોઈની સાથે અસભ્ય વ્યવહાર તો નથી કર્યો?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૧૪) અવિનય, ભૂલ કે અપરાધ થતાં ક્ષમાયાચના કરી કે નહિ?

(૧૫) જીભની લોલુપતાને લીધે વધારે ખાધું પીધું તો નથી?

(૧૬) પત્તા, ચોપટ, કેરમ વગેરે રમતો રમવામાં સમયનો દુર્વ્યય તો તો નથી કર્યો?

(૧૭) કોઈ અનૈતિક અથવા અવાંચ્છનિય કાર્યોમાં ભાગ તો નથી લીધો?

(૧૮) કોઈ વ્યક્તિ, જાતિ, દળ, પક્ષ અથવા તો ધર્મના પ્રત્યે ભ્રાન્તિ તો નથી ફેલાવી?

(૧૯) વ્રતોની ભાવના તો ભૂલાઈ નથી?

(૨૦) દિવસ દરમ્યાન કયા અનુચિત અપ્રિય અને અવગુણ પેદા કરવાવાળા કાર્યો કર્યાં?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# (૭) શિક્ષા

નિયમોનું પાલન આંતરિક ભાવનાથી થવું જોઈએ. અણુવ્રતી નિયમો પાળવામાં મક્કમતા રાખે. અહિંયા કેટલીક શિક્ષાઓ આપવામાં આવી છે, જે વ્રતોની શુદ્ધિ માટે નિરંતર ધ્યાનમાં રાખવી જોઈએ.

## અણુવ્રતીઓ:—

(૧) આંદોલન પ્રત્યે નિષ્ઠા તેમ જ સદ્દ્ભાવના રાખવી જોઈએ.

(૨) વ્રતોની ભાષા સુધી જ સીમિત ન રહેતાં શુદ્ધ ભાવનાથી નિયમોનું પાલન કરવું જોઈએ.

(૩) તર્કદૃષ્ટિથી બચીને અવાંચ્છનિય કાર્ય ન કરવું જોઇએ.

(૪) પ્રત્યેક કાર્ય કરતાં પહેલા જાગૃત રહેવું જોઈએ કે, તે કોઈ અનુચિત અથવા નિંદીત્ કાર્ય તો નથી કરી રહ્યું.

(૫) ભૂલને સમજ્યા પછી દુરાગ્રહ ન કરવો જોઈએ.

(૬) વ્યક્તિગત સ્વાર્થ અથવા દ્વેષભાવથી કોઈનો મર્મ પ્રગટ ન કરવો જોઈએ.

(૭) કોઈ અણુવ્રતી, અન્ય અણુવ્રતીને નિયમ ભંગ કરતાં જુએ તો તેને ચેતવણી આપે અથવા તો પ્રવર્તકને નિવેદન કરવું જોઈએ, પણ જ્યાં ત્યાં અન્યમાં પ્રચાર કરવો નહિ.

(૮) ઉત્તરોત્તર વ્રતોનો વિકાસ કરવો જોઈએ તેમ જ બીજાઓને વ્રતી બનાવવાની પ્રેરણા આપવી જોઈએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ૮. અણુવ્રત પ્રાર્થના.

રાગ: હિમાલય કી ચોટીસે..

બડે ભાગ્ય હે ભગિની બંધુઓ, જીવન સફલ બનાયેં હમ,
આત્મસાધના કે સત્પથ મેં, અણુવ્રતી બન પાયેં હમ.

અપરિગ્રહ, અસ્તેય, અહિંસા, સચ્ચે સુખ કે સાધન હૈં,
સુખી દેખલો સંત અકિંચન, સંયમ હી જિનકા ધન હૈ;
ઉસી દિશામેં દૃઢ નિષ્ઠાસે, ક્યોં નહીં કદમ બઢાયેં હમ,
આત્મસાધના કે સત્પથ મેં, અણુવ્રતી બન પાયે હમ. ॥૧॥

રહેં યદિ વ્યાપારી તો, પ્રમાણિકતા રખ પાયેંગે,
રાજ્ય કર્મચારી જો હોંગે, રિશ્વત કભી ન ખાયેંગે,
દૃઢ આસ્થા આદર્શ નાગરિકતા કે, નિયમ નિભાયેં હમ,
આત્મસાધના કે સત્પથ મેં, અણુવ્રતી બન પાયેં હમ. ॥૨॥

ગૃહણી હો ગૃહપતિ હો ચાહે, વિદ્યાર્થી અધ્યાપક હો,
વૈદ, વકીલ, શીલ હો સબમેં, નૈતિક નિષ્ઠા વ્યાપક હો,
ધર્મશાસ્ત્રકે ધાર્મિક – પનકો, આચરણોંમેં લાયેં હમ,
આત્મસાધના કે, સત્પથ મેં, અણુવ્રતી બન પાયેં હમ. ॥૩॥

અચ્છા હો અપને નિયમોં સે, હમ અપના સંકોચ કરેં,
નહીં દૂસરે વધ બંધન સે, માનવતાકી શાન હરે,
યહ વિવેક માનવકા નિજ ગુણ, ઇસકા ગરવ ગાયેં હમ,
આત્મસાધના કે સત્પથ મેં, અણુવ્રતી બન પાયે હમ. ॥૪॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આત્મશુદ્ધિ કે આંદોલન મેં, તન મન અર્પણ કર દેંગે,
કડી જાંચ હો લિયે વ્રતોમેં, આંચ નહિ આને દેંગે,
ભૌતિકવાદી પ્રલોભનોમેં, કભી ન હૃદય લુભાયેં હમ,
આત્મસાધના કે, સત્પથ મે, અણુવ્રતી બન પાયે હમ. ॥૫॥

સુધરે વ્યક્તિ, સમાજ વ્યક્તિસે, ઉસકા અસર રાષ્ટ્ર પર હો,
જાગ ઉઠે જનજનકા માનસ, એસી જાગૃતિ ઘરઘર હો,
"તુલસી" સત્ય અહિંસાકી, જય વિજય ધ્વજા ફહરાયેં હમ,
આત્મસાધના કે, સત્પથ મેં, અણુવ્રતી બન પાયેં હમ. ॥૬॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અણુવ્રત આંદોલન

## ( પ્રવેશ પત્ર )

**શ્રીયુત મંત્રી,**
**ગુજરાત અણુવ્રત સમિતિ,**
ચોથે માળ, શેઠિયા બિલ્ડીંગ,
તિલક માર્ગ * **અમદાવાદ.**

**પ્રિય મહાશય,**

મે આચાર્ય શ્રી તુલસી દ્વારા પ્રવર્તિત અણુવ્રત-આંદોલનના લક્ષ અને વ્રતોનું ધ્યાનપૂર્વક અધ્યન કર્યું છે અને ગંભીરતાપૂર્વક વિચાર કર્યો પછી પ્રવેશક / અણુવ્રતી / વિશિષ્ઠ / અણુવ્રતી બન્યો છું / બની છું. હું આંદોલનના વ્રતો તથા નિયમોનું વિધિસર પાલન કરતો રહીશ / કરતી રહીશ.

દિવસ ________________ હસ્તાક્ષર

પૂરું નામ ________________

પિતા અથવા પતિનું નામ ________________

જાતિ ________ ઉંમર ________ વ્યવસાય ________

સ્થાનિક સરનામું ________________

________________

વર્તમાન સરનામું ________________

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

| H | B | R |
|---|---|---|
| 04 | 14 | [illegible]3 |
| 02 | 03 | 14 |
| 03 | 03 | 03 |
| 14 | 14 | 03 |
| 0[illegible] | 03 | 03 |
| 03 | 01 | 12 |
| 04 | 04 | 10 |
| 02 | 12 | 11 |
| 02 | 01 | 01 |
| 02 | 01 | 01 |
| 03 | 12 | 10 |
| 11 | 10 | 11 |
| 04 | 10 | 0 |

14
14
10
10
12
12
72

14
12
10
10
11
57

14
12
10
11
10
11
68

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપણે આપણા દેશનું મકાન બનાવવું છે, એનો પાયો ઊંડો અને મજબૂત હોવો જોઈએ. પાયો જો રેતીનો હશે તો, જ્યારે રેતી ખસી જશે ત્યારે મકાન પણ ધસી પડશે. ઊંડો પાયો ચારિત્રનો હોય છે. દેશમાં જે કામ આપણે કરવાં છે તે ઘણા જ વિશાળ છે. આ બધાનો પાયો ચારિત્ર છે, એને લઈને અણુવ્રત આંદોલનમાં ઘણું જ સારું કામ થઈ રહ્યું છે. હું માનું છું કે, આ કામની જેટલી પ્રગતિ થાય તેટલું સારું છે. એટલા માટે હું અણુવ્રત આંદોલનની પૂરી પ્રગતિ ઇચ્છું છું.

—જવાહરલાલ નહેરુ (પ્રધાનમંત્રી)

આપણા બોલવામાં અને દૈનિક આચરણમાં કેટલું અંતર આવી ગયું છે! અણુવ્રત આંદોલન આ અંતરને દૂર કરવા ઇચ્છે છે. અણુવ્રતના નવમા વાર્ષિક પવિત્ર દિવસ પર આપણે સર્વે મળી રહ્યા છીએ. આ પુણ્ય અવસર પર આચાર્ય શ્રી તુલસીની શિક્ષા આ ખ્યાલમાં લઈને હૃદયમાં ઉતારીએ કે એમાં બહુ મોટી તાકાત રહેલી છે.

સંકલ્પ અને વ્રતોની અસીમ શક્તિ આપણને એવા મંચ પર લઈ જશે જ્યાં ન તો આપણો વિનાશ થશે અને ન સમાજ અથવા પરિવારનો. અણુવ્રત આંદોલનની આ મંગલકારી ભાવના દેશભરમાં ફેલાય એ જ મારી ઈશ્વર પ્રત્યે પ્રાર્થના છે.

—શ્રી. ઉ. ન. ઢેબર

★

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

| R | H | [illegible] |
|---|---|---|
| 35 | 6 | 1 |
| 36 | 10 | 0 |
| 6 | 32 | [illegible] |
| 36 | 9 | [illegible] |
| 8 | 36 | 11 |
| 12 | 37 | 6 |
| 35 | 2 | 7 |
| 156 | 102 | 20 |

શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા ભાવનગર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com